# મોડાસા તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ

ડૉ. ભાવનાબેન એ. મોદી
આસી. પ્રોફેસર
બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા

**સારાંશ:**

*મોડાસા તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ જેનો મુખ્ય હેતુ માધ્યમિક શાળાઓના શિક્ષકોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો તેઓની જાતી અને વિસ્તારના સંદર્ભમાં ચકાસણી કરવાનો હતો. આ માટે મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓ માંથી 5 માધ્યમિક શાળાની યાર્દચ્છિક પધ્ધતિ દ્વારા જ શાળાઓના 120 શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં શાળાઓની પસંદગી યાર્દચ્છિક નમૂના પધ્ધતિથી અને તે શાળાના બધા જ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં. સમસ્યાને અનુરૂપ સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરી સંશોધકે સ્વ-નિર્મિત ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી ઉત્કલ્પનાની ચકાસણી માટે સરાસરી,પ્રમાણવિચલન, પ્રમાણભૂલ અને t-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. જેમાં મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતામાં સ્ત્રી શિક્ષકો કરતા પુરૂષ શિક્ષકો , શહેરીવિસ્તારની સ્ત્રી શિક્ષિકાઓ કરતા શહેરી વિસ્તારના પુરુષ શિક્ષકો જાગૃતતામાં, ગ્રામ્ય વિસ્તારની સ્ત્રી શિક્ષિકાઓ કરતા ગ્રામ્ય વિસ્તારના પુરુષ શિક્ષકો તથા ગ્રામ્ય શિક્ષકો કરતા શહેરી શિક્ષકો જાગૃતતામાં ચઢિયાતા માલૂમ પડ્યા.*

## ૧. પ્રસ્તાવના

દરેક મનુષ્ય જન્મે ત્યારે જ તેને કેટલાક અધિકારો પ્રાપ્ત થાય છે, જે કોઇ પણ સમાજની દરેક મહિલાને પણ મળે છે. મહિલાઓને આની જાણ છે ખરી? દર વર્ષે ૧૦મી ડિસેમ્બર ‘માનવ અધિકાર દિવસ’ તરીકે મનાવવામાં આવે છે. માનવ અધિકારનો સરળ અર્થ એટલે દરેક મનુષ્ય પોતાના જીવનને ગૌરવવંતુ બનાવી શકે તેવા અધિકારો. ૧૯૪૮માં યુનાઈટેડ નેશન્સે માનવ અધિકારોનું વિશ્વવ્યાપી ધોરણે પાલન અને સન્માન થાય તે માટે ઘોષણાપત્ર તૈયાર કરેલો. મનુષ્યનો જન્મ થતાં જ માનવ તરીકે તેને કેટલાક જન્મસિદ્ધ અધિકારો આપોઆપ મળે, જે અધિકારો કોઇ આપી કે છીનવી શકતું નથી. આવા અધિકારો માનવ અધિકારો તરીકે ઓળખાય છે અને આ અધિકારોને વિશ્વવ્યાપી અધિકારો તરીકેની સ્વીકૃતિ મળેલી છે. જેમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ, લિંગ, ઉંમર, જન્મસ્થાન તેમ જ સામાજિક કે આર્થિક ભેદભાવ હોતો નથી. આ અધિકારોને રાષ્ટ્ર, ધર્મ, ભાષા, સંસ્કૃતિ કે નૈતિકતાના સીમાડા નડતા નથી. આ ઘોષણાપત્ર એટલે કે યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સમાં સ્ત્રીઓના માનવઅધિકારોનો ખાસ ઉલ્લેખ છે. જેમાં મહિલાઓને સમાન હકો મળવા જોઈએ તેમ જણાવેલ છે. જેમાં મુખ્યત્વે સ્ત્રીઓ સામે થતા કોઇ પણ સ્વરૂપના અધિકારો માટે, ભેદભાવ સામે રક્ષણ, સ્ત્રીઓની ગુલામી, વેઠ પર નાબૂદી, સ્ત્રીઓના અનૈતિક વેપાર પર નિયંત્રણ, શ્રમિક મહિલાઓ અંગે ભૂગર્ભમાં કામ કરવા પર નિયંત્રણ, મહિલાઓને રાત્રે કામ કરવા પર પ્રતિબંધ, મહિલાઓને સમાન વેતન, રોજગાર અને વ્યવસાય સામે રક્ષણ અને મહિલાઓના રાજકીય અધિકારોનો સમાવેશ થાય છે. આપણા દેશમાં સ્ત્રીઓના અધિકારો અને રક્ષણ માટે શ્રમિક કાયદા, ભારતીય ફોજદારી ધારો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, પુરાવા અધિનિયમ, કૌટુંબિક કાયદા, દીવાની કાયદા કે કાયદામાં ખાસ જોગવાઈઓ કરેલી છે. જુદા જુદા કાયદાઓની જોગવાઈઓ હેઠળ મહિલાનો દરજજો વધારવામાં આવ્યો અને મહિલાના રક્ષણ અને કલ્યાણ માટે પણ કાયદા થયા. મહિલાઓના રક્ષણ અને કલ્યાણને રાજ્યની ખાસ જવાબદારી ગણવામાં આવી છે. ભારતીય સંવિધાનની કલમ ૧૫(૧)માં ખાસ જોગવાઇ કરવામાં આવી છે કે રાજ્યએ કોઇ પણ કારણસર કોઇ સામે ભેદભાવ રાખવો નહીં અને રાજ્ય મહિલાઓ અને બાળકો અંગે ખાસ જોગવાઈઓ કરી શકશે અને આવી જોગવાઈથી ભેદભાવ થયો ગણાશે નહીં. મહિલાઓના વિકાસ માટે તેમ જ કલ્યાણ માટે વિવિધ પ્રવૃત્તિઓને કાયદા દ્વારા મંજૂરી પણ અપાઇ છે. આપણી સર્વોચ્ચ અદાલતે એક કેસમાં જણાવ્યું છે કે જાતિના આધારે ભેદભાવ હોય તે મૂળભૂત સ્વતંત્ર અને માનવ અધિકારોનો ભંગ છે અને એવું પણ સૂચવ્યું કે સ્ત્રીના અધિકારો માનવ અધિકારોના અંતર્ગત ભાગ છે. માનવ અધિકારોની ખાસ અગત્યતા એ છે કે કોઇ પણ વ્યક્તિ બીજી વ્યક્તિથી ઉતરતી કે ચડિયાતી નથી. દરેક માનવીને ગૌરવપૂર્ણ રીતે જીવવાનો અધિકાર છે. આ અધિકાર સ્ત્રીનો પણ મૂળભૂત અધિકાર છે અને તેથી સ્ત્રી પર થતો ત્રાસ, યાતના, અમાનવીય અને અપમાનજનક વ્યવહાર એ માનવ અધિકારનો ભંગ છે જ્યારે સમાજની

સ્ત્રીઓ અને બાળકો શોષણરહિત, સમાનતાપૂર્વક, માનભેર, સ્વતંત્ર અને ગૌરવવંતી જિંદગી જીવતાં થશે ત્યારે આપણે 'માનવ અધિકાર દિવસ'ને સાચા અર્થમાં મનાવી શકીશું.

મોટા ભાગના લોકો માને છે કે ઈસ્લામમમાં સ્ત્રીઓને તાબેદાર, નીચલી કક્ષાની અને પીડિત વ્યક્તિ તરીકે રાખવામાં આવે છે – પરંતુ શું ખરેખર ઈસ્લામમાં સ્ત્રીઓની આવી સ્થિતિ છે? શું લાખો મુસલમાનો ખરેખર જુલમી છે કે આ ઉપજાવેલી ગેરસમજો પક્ષપાતી મીડિયા દ્વારા ફેલાવવામાં આવેલ છે? "અને સ્ત્રીઓને પુરુષો પર એવાજ અધિકારો છે, જેવા પુરુષોને જેવા અધિકારો સ્ત્રીઓ ઉપર છે." (કુરઆન૨:૨૨૮)

ઈસ્લામે મહિલાઓના જે અધિકારો ચૌદસો વર્ષ પહેલાં આપ્યા છે તે અધિકારો પશ્ચિમમાં સ્ત્રીઓએ માત્ર તાજેતરમાં જ માણવાનું શરૂ કર્યું છે. ૧૯૩૦માં એનીબેસન્ટે અવલોકન કરતાં કહ્યુંકે "તે છેલ્લા વીસ વર્ષથી જ ખ્રિસ્તી ઈંગ્લેન્ડે મિલકત પર મહિલા અધિકાર માન્ય રાખેલ છે, જ્યારે ઈસ્લામ શરૂઆતથી જ આ અધિકારની મંજૂરી આપી છે. ઈસ્લામ સ્ત્રીઓને કેટલાક અધિકારો પ્રાપ્ત થાય છે, મહિલાઓને આની જાણ છે ખરી? આ જાણવા માટે સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યુ હતું .

---

**ચાવીરૂપ શબ્દો :** *માધ્યમિક શાળા, ઈસ્લામ મહિલા, અધિકારો*

---

**૨. સમસ્યાકથન**

મોડાસા તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ

**૩. હેતુઓ**

**1.**માધ્યમિક શાળાઓના શિક્ષકોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ.

2. માધ્યમિક શાળાઓના શિક્ષકોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો તેઓની જાતીયતાના સંદર્ભમાં ચકાસણી કરવી.

3. માધ્યમિક શાળાઓના શિક્ષકોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો તેઓની વિસ્તારના સંદર્ભમાં ચકાસણી કરવી.

**૪. ઉત્કલ્પના**

**$Ho_1$:** પુરુષ અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**$Ho_2$:** શહેરી અને ગ્રામ્ય માધ્યમિક શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**$Ho_3$:** શહેરી પુરુષ અને શહેરી સ્ત્રી માધ્યમિક શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**$Ho_4$:** ગ્રામ્ય પુરુષ અને ગ્રામ્ય સ્ત્રી માધ્યમિક શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**૫. ચલ**

| ચલોના પ્રકારો | ચલ | કક્ષાઓ | ઉપયોગમાં લીધેલ ઉપકરણ |
|---|---|---|---|
| સ્વતંત્ર | 1.જાતીયતા<br>2.વિસ્તાર | સ્ત્રી અને પુરુષ<br>શહેરી અને ગ્રામ્ય | ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડ |
| પરતંત્ર | ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા | | |

**૬. સંશોધનની ક્ષેત્રમર્યાદાઓ**

પ્રસ્તુત અભ્યાસ માત્ર મોડાસા તાલુકાની ગુજરાતી માધ્યમવાળી(મુસ્લિમ)માધ્યમિક શાળાઓના શિક્ષકો પૂરતો મર્યાદિત કરાયો હતો.

## ૭. વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં મોડાસા તાલુકામાં આવેલી ગુજરાતી માધ્યમવાળી (મુસ્લિમ)માધ્યમિક શાળાઓના તમામ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂના પસંદગી માટે વ્યાપવિશ્વની શાળાઓનું ગ્રામ્ય અને શહેરી શાળાઓનાં વર્ગીકરણ કર્યું. યાદ્ચ્છ રીતે શાળાઓ પસંદ કરી હતી . આમ નમૂનામાં કુલ 05 શાળાઓનો સમાવેશ કર્યો હતો. જેમાં ગ્રામ્ય વિસ્તારની ત્રણ શાળાઓ અને શહેરી વિસ્તારની બે શાળાઓમાથી અનુક્રમે 60-60 શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. પસંદ થયેલ શાળાઓના બધાજ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો.

**સારણી-૧ નમૂના માટે પસંદ થયેલી શાળાઓની યાદી**

| ક્રમ | શાળાઓની યાદી | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| 1 | મખદૂમ માધ્યમિક શાળા, મોડાસા | 30 |
| 2 | મદની માધ્યમિક શાળા, મોડાસા | 30 |
| 3 | મખદૂમ માધ્યમિક શાળા, ટીંટોઇ | 20 |
| 4 | ગોષિયા માધ્યમિક શાળા, ટીંટોઇ | 22 |
| 5 | ઘાંચી હાઇસ્કૂલ , બાકરોલ | 18 |
| **કુલ** | | 120 |

પ્રસ્તુત અભ્યાસમાં કુલ 120 પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અભ્યાસમાં પાત્રોની જાતીયતા અને વિસ્તાર એવા બે ચલોની ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા તપાસવાનું નક્કી કર્યું હતું નમૂનાના પાત્રોની વિગત સારણી-2 માં દર્શાવેલ છે.

**સારણી-૨ નમૂનાના પાત્રોની વિગત**

| ચલ → | સ્ત્રી શિક્ષકો | | પુરૂષ શિક્ષકો | | કુલ |
|---|---|---|---|---|---|
| → | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | |
| | 30 | 30 | 30 | 30 | 120 |
| કુલ | 60 | | 60 | | 120 |

## ૮. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુતસંશોધન વ્યવહારિક સંશોધન કહી શકાય કરણકે અહીં સૈદ્ધાંતિક જ્ઞાનનો ઉપયોગ કરી સંશોધન હાથ ધરેલું હતું અર્થાત્ માહિતીને એકત્ર કરી તેનો સર્વે કરવામાં આવ્યો તેથી વ્યવહારિક અર્થાત્ સર્વેક્ષણાત્મક સંશોધન કહી શકાય. પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા 'સર્વેક્ષણ પદ્ધતિ' નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૯. સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માધ્યમિક શાળાના શિક્ષકોનો ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શિક્ષણનું મનોવિજ્ઞાન હતું.

## ૧૦. સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોનો ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી સંશોધકે સ્વ-નિર્મિત ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડનો ઉપયોગ કરેલ છે.

## ૧૧. માહિતી એકત્રીકરણ અને પ્રુથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં યાદૃચ્છિક દ્વારા પસંદ કરાયેલ મોડાસા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાંથી ત્રણ ગ્રામ્ય વિસ્તારની શાળાઓ અને બે શહેરી વિસ્તારની શાળાઓ એમ કુલ થઈને પાચ શાળાઓમાંથી 120 શિક્ષકોનો નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.જેમાં 60 સ્ત્રી શિક્ષકો અને 60 પુરૂષ શિક્ષકો પાસે ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડ ભરાવીને માહિતીને વ્યવસ્થિત રીતે ગોઠવી તેના પ્રાપ્તાકોની સરાસરી, પ્રમાણવિચલન, અને t-કસોટીનો ઉપયોગ કરીને માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું .

## ૧૨. ઉત્કલ્પનાની ચકાસણી

**$Ho_1$ પુરુષ અને સ્ત્રી માધ્યમિક શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય**

**સારણી-3**

| જૂથ | સંખ્યા (N) | મધ્યક | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | મધ્યકનો તફાવત | t મૂલ્ય | df | સરાસરીના તફાવતની સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ શિક્ષકો | 60 | 38.2 | 3.85 | 0.75 | 1.68 | 2.24 | 59 | સાર્થક તફાવત છે. |
| સ્ત્રી શિક્ષકો | 60 | 36.52 | 4.35 | | | | | |

સારણી 3 માં દર્શાવ્યું છે તે પ્રમાણે ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડમાં પુરુષશિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકોનો મધ્યક અને પ્રમાણ વિચલન અનુક્રમે 38.2 અને 36.52 તથા 3.85 અને 4.35 છે , તેમની વચ્ચેની પ્રમાણભૂલ 0.75 મધ્યક્નો તફાવત 1.68 છે જ્યારે t મૂલ્ય 2.24 df = 59 છે. પ્રાપ્ત પરિણામોને સારણીમાં જોતા 0.05 કક્ષાએ t નું મૂલ્ય 1.96 કરતા વધારેછે અર્થાત્ આંકડાશાસ્ત્રીય કસોટીએ0.05 કક્ષાએ સાર્થક તફાવત છે માટે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

**$Ho_2$ શહેરી અને ગ્રામ્યવિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય**

**સારણી-4**

| જૂથ | સંખ્યા (N) | મધ્યક | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | મધ્યકનો તફાવત | t મૂલ્ય | df | સરાસરીના તફાવતની સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર | 60 | 38 | 3.47 | 0.76 | 1.28 | 1.69 | 59 | સાર્થક તફાવત નથી. |
| ગ્રામ્ય વિસ્તાર | 60 | 36.72 | 4.73 | | | | | |

સારણી 4 માં દર્શાવ્યું છે તે પ્રમાણે ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડમાં શહેરી વિસ્તારના શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકોનો મધ્યક અને પ્રમાણ વિચલન અનુક્રમે 38 અને 36.72 તથા 3.47 અને 4.73 છે, તેમની વચ્ચેની પ્રમાણભૂલ 0.76, મધ્યક્નો તફાવત 1.28 છે જ્યારે t મૂલ્ય 1.69 df = 59 છે. પ્રાપ્ત પરિણામોને સારણીમાં જોતા 0.05 કક્ષાએ t નું મૂલ્ય 1.96 કરતા ઓછું છે અર્થાત્ આંકડાશાસ્ત્રીય કસોટીએ સાર્થક તફાવત નથી માટે શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**$Ho_3$ શહેરી પુરુષ અને શહેરી સ્ત્રી માધ્યમિક શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય**

**સારણી:5**

| જૂથ | સંખ્યા (N) | મધ્યક | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | મધ્યકનો તફાવત | t મૂલ્ય | df | સરાસરીના તફાવતની સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેરી વિસ્તારના પુરુષ શિક્ષકો | 30 | 38.27 | 3.22 | 0.90 | 0.54 | 4.75 | 29 | સાર્થક તફાવત છે |
| શહેરીવિસ્તારની સ્ત્રી શિક્ષિકાઓ | 30 | 37.73 | 3.74 | | | | | |


સારણી 5 માં દર્શાવ્યું છે તે પ્રમાણે ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડમાં મેળવેલ શહેરી વિસ્તારના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષિકાઓએ મેળવેલ પ્રાપ્તાંકોનો મધ્યક અને પ્રમાણ વિચલન અનુક્રમે 38.27 અને 37.73 તથા 3.22 અને 3.74 છે , તેમની વચ્ચેની પ્રમાણભૂલ 0.90, મધ્યક્નો તફાવત 0.54 છે જ્યારે t મૂલ્ય 4.75 df = 29 છે. પ્રાપ્ત પરિણામોને સારણીમાં જોતા 0.05 કક્ષાએ t નું મૂલ્ય 1.96 કરતા વધુ છે અર્થાત્ આંકડાશાસ્ત્રીય કસોટીએ સાર્થક તફાવત જોવા મળે છે માટે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

**$Ho_4$ ગ્રામ્ય પુરુષ અને ગ્રામ્ય સ્ત્રી માધ્યમિક શિક્ષકોના ઈસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા પર મેળવેલ સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય**

**સારણી:6**

| જૂથ | સંખ્યા (N) | મધ્યક | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | મધ્યકનો તફાવત | t મૂલ્ય | df | સરાસરીના તફાવતની સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય વિસ્તારના પુરુષ શિક્ષકો | 30 | 38.13 | 4.45 | 1.17 | 2.83 | 2.82 | 29 | સાર્થક તફાવત છે. |
| ગ્રામ્ય વિસ્તારની સ્ત્રી શિક્ષિકાઓ | 30 | 35.3 | 4.64 | | | | | |

સારણી 6માં દર્શાવ્યું છે તે પ્રમાણે ઇસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા માપદંડમાં ગ્રામ્ય વિસ્તારના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષિકાઓએ મેળવેલ પ્રાપ્તાંકોનો મધ્યક અને પ્રમાણ વિચલન અનુક્રમે 38.13 અને 35.3 તથા 4.45 અને 4.64 છે , તેમનીવચ્ચેની પ્રમાણભૂલ 1.17, મધ્યક્નો તફાવત 2.38 છે જ્યારે t મૂલ્ય 2.82 df = 29 છે. પ્રાપ્ત પરિણામોને સારણીમાં જોતા 0.05 કક્ષાએ t નું મૂલ્ય 1.96 કરતા વધારે છે અર્થાત્ આંકડાશાસ્ત્રીય કસોટીએ સાર્થક તફાવત છે માટે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.




મોડાસા તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોની ઇસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતા દર્શાવતો આલેખ

## ૧૩. સંશોધનનાં તારણો

પ્રસ્તુત સંશોધનનાં તારણો આ પ્રમાણે છે.

૧. મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના ઇસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતામાં સ્ત્રી શિક્ષકો કરતા પુરૂષ શિક્ષકો જાગૃતતામાં ચઢિયાતા માલૂમ પડ્યા.
૨. મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના ઇસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતામાં શહેરીવિસ્તારની સ્ત્રી શિક્ષિકાઓ કરતા શહેરી વિસ્તારના પુરુષ શિક્ષકો જાગૃતતામાં ચઢિયાતા માલૂમ પડ્યા.
૩. મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના ઇસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતામાં ગ્રામ્ય વિસ્તારની સ્ત્રી શિક્ષિકાઓ કરતા ગ્રામ્ય વિસ્તારના પુરુષ શિક્ષકો જાગૃતતામાં ચઢિયાતા માલૂમ પડ્યા.
૪. મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના ઇસ્લામ મહિલાઓને મળતા અધિકારો પ્રત્યેની જાગૃતતામાં ગ્રામ્ય શિક્ષકો કરતા શહેરી શિક્ષકો જાગૃતતામાં ચઢિયાતા માલૂમ પડ્યા.

## સંદર્ભસૂચિ


૧. કારીઆ, તૃપ્તિ (2013).માનવ અધિકારો, , અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
૨. ________. (2013).બંધારણ આમુખ,મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો , અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
૩. દેસાઇ , કે.જી. અને અન્ય (2007). સંશોધન પ્રવિધિયોઅને પધ્ધતિઓ,અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ , ગુજરાત રાજ્ય.
૪. પટેલ, મફતલાલ (1998). માનવ અધિકાર સંરક્ષણ, પ્રથમ આવૃતિ, અમદાવાદ:ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય
૫. મોગરિયા,વિનુભાઇ ડી. અને અન્ય (2009). શૈક્ષણિકમનોવિજ્ઞાન, અમદાવાદ: અક્ષર પબ્લિકેશન
૬. શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન(2004). માનવ અધિકારો, પુસ્તિકા -4, અમદાવાદ:શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન
૭. શુક્લ, રાજેન્દ્ર આર. (2008). માનવ અધિકારો, પાંચમી આવૃતિ, પુસ્તિકા -2 અમદાવાદ:શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન
૮. પટેલ,સી.કે. (1997). નાગરિકનાં અધિકારો અને ફરજો,પ્રથમ આવૃત્તિ, અમદાવાદ: ગુર્જર પ્રકાશન
૯. શાહ, દિપિકા બી. (2009). શૈક્ષણિક સંશોધન (દિશાદર્શન) ,અમદાવાદ: પ્રમુખ પ્રકાશન.
૧૦. Best, John W. And James Kahn (2010). Research in Education, New Delhi, PHI Learning Private Limited.P.N.354.
૧૧. Good, C.V. (1959). Dictionary of Education, New York: M.C. Grew Hill Book Company
૧૨. Kaul, L. (1998). Methodology of Education Research, New Delhi, Vikas Publishing House Pvt. Ltd.
૧૩. Mattson, DE, (1993). Statistics, Wauconda, IL, USA, Bolchazy-Caducci Publishers.